# ગુજરાત ભાજપનાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ એસ. વાઘાણીની રાજકીય જીવનની સફર

ધારાસભ્ય, ભાવનગર પશ્ચિમ (ભાવનગર, ગુજરાત)



---------------------------------------------------------------------

**અંગત માહિતી –**

નામ - શ્રી જીતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી

જન્મ તારીખ - ૨૭ ઓક્ટોમ્બર ૧૯૭૦ ઉંમર વર્ષ - ૪૬

જન્મ સ્થળ – મું.વરતેજ તા.જી.ભાવનગર

ધર્મ-જ્ઞાતિ – હિન્દુ પટેલ

રહેઠાણ – પ્લોટ નં. ૯૮-૯૯, ભગવતી ઈસ્કોન મેગાસીટી, ભાવનગર, ગુજરાત

**શૈક્ષણિક લાયકાત –**

પ્રાથમિક શિક્ષણ – સરકારી શાળા-લાઠી જી.અમરેલી

માધ્યમિકશિક્ષણ – કલાપી વિનય મંદિર-લાઠી જીઅમરેલી

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ – સનાતન ધર્મ સરકારી હાઈસ્કુલ, ભાવનગર

બી.કોમ – એમ.જે કોલેજ ઓફ કોમર્સ, ભાવનગર

એલ.એલ.બી. – શેઠ એચ.જે.લૉ કોલેજ, ભાવનગર

**હાલ – ભાવનગર પશ્ચિમ વિધાનસભા ક્ષેત્રનાં ધારાસભ્ય તરીકે કાર્યરત**

**કારકિર્દી –**

→ શિશુકાળમાં લાઠીની સાયં શાખાનાં સ્વયંસેવક

→ હાઈસ્કુલ કાળથી વિદ્યાર્થી પરિષદમાં જોડાણ

→ કોલેજકાળથી એ.બી.વી.પી.ના સક્રિય કાર્યકર્તા

→ ભાવનગર યુનિવર્સિટીના સેનેટ મેમ્બર તરીકે પરિષદના કાર્યકર્તા તરીકે કોમર્સ ફેકલ્ટી માંથી વિજયી – ૧૯૯૨ થી ૧૯૯૭

**રાજકીય જવાબદારીઓ –**

→ ભાવનગર શહેર ભાજપ યુવા મોરચાના સહમંત્રી — વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૧

→ નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય — વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૦

→ ભાવનગર શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ — વર્ષ ૧૯૯૩ થી ૧૯૯૭

→ ગુજરાત હાઉસીંગબોર્ડના ડિરકેટર — વર્ષ ૧૯૯૮ થી ૨૦૦૧

→ ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ — વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૯

→ ગુજરાત પ્રદેશ ભાજપનાં પ્રદેશ મંત્રી — વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૨
(અમરેલી અને ભાવનગર જીલ્લાનાં પ્રભારી)

→ ૩૭ વર્ષની વયે વર્ષ ૨૦૦૭માં ભાવનગર દક્ષિણની બેઠક પરથી ધારાસભ્યની ચૂંટણી લડ્યાં.

→ **વર્ષ ૨૦૧૨માં ભાવનગર પશ્ચિમની વિધાસનભાની બેઠક સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી વધારે રેકર્ડ મતો ૫૩૮૯૨ની લીડથી વિજેતા થયાં.**

→ રાજકોટ શહેર અને રાજકોટ જીલ્લાનાં પ્રભારી

**વિદેશ પ્રવાસ -** ઈસ્ટ આફ્રિકા, કીન્સાસો, કોંગો, ઈથોપીયા, જ્યુબીટી, દુબઈ, ઈટાલી, રોમ, ઓસ્ટ્રીયા, સ્વીઝર લેન્ડ, ફ્રાન્સ,

<u>પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીની રાજકીય સફર</u>

* **દેશમાં કદાચ સૌથી યુવાન ભાજપનાં ગુજરાતનાં પ્રદેશ પ્રમુખ બનવાનું શ્રેય શ્રી જીતુભાઈ વાઘાણીને જાય છે.**
* બાળપણથી આર.એસ.એસ.નાં સ્વયંસેવક,
* ખેડૂતપુત્ર
* એ.બી.વી.પી.થી શરૂ કરેલી જાહેરજીવનની કારર્કિદી સાથે સેનેટ સભ્ય, શિક્ષણ સમિતિના સભ્ય બન્યાં.
* ભાવનગર શહેરનાં યુવા મોરચાના સહમંત્રીથીશરૂ કરીને ભાવનગરનાં શહેર મહામંત્રી અને યુવામોરચાનાં પ્રદેશ પ્રમુખ અને પછી પ્રદેશ મંત્રી સુધીની સફરમાં **શ્રી જીતુભાઈ**એ પોતાનાં ૨૮વર્ષથી રાજકીય સફર ડાયનેમિક રહી.
* યુવા મોરચામાં ભાવનગર શહેરની જવાબદારીથી માંડીને યુવા મોરચાની પ્રદેશ પ્રમુખની સફર "ચરૈવેતિ ચરૈવેતિ" સાથે અનેક યાત્રાઓ અને કાર્યક્રમો દ્વારા સમગ્ર ગુજરાતમાં તાલુકા-જીલ્લાનાં ગામડાઓમાં ફરી વળીને યુવાનોનાં માનસ તેમજ જનમાનસને ઓળખવાનો અનુભવયુકત મોકો શ્રી જીતુભાઈ વાઘાણીનાં રાજકીય જીવન ઘડવામાં ઉપયોગી બન્યો.
* ખાસ કરીને યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ સમયે તેમણે સૌ પ્રથમવાર યુવા મોરચાનાં ૨૦૦ કાર્યકર્તાઓ **"વિસ્તારક"** તરીકે ૭ દિવસ માટે યુવાનોને ભાજપમાં જોડવા નોંધપાત્ર અને યશસ્વી પ્રયાસકર્યો.
* **શ્રી જીતુભાઈ વાઘાણી**ની આગેવાનીમાં ગુજરાતનાં મહાનગરોમાં હજારો યુવાનો એ **"રન ફોર સ્વર્ણિમ ગુજરાત"**માં દોડ્યાં હતાં. દરેક મહાનગરોમાં ૨૫૦૦૦ થી ૫૦૦૦૦ યુવાનોએ રન ફોન સ્વર્ણિમ ગુજરાતમાં ભાગ લીધો હતો.
* આ ઉપરાંત સ્વતંત્ર સંગ્રામની ૧૫૦ વર્ષની ઉજવણીમાં ગુજરાતનાં જે જે સ્થાનો/ગામોમાં શહીદો થયાં. તે ગામોને આવરી લેતી ક્રાંતિ ગાથા યાત્રા **શ્રી જીતુભાઈ વાઘાણી**ની આગેવાનીમાં નીકળી હતી. આ ક્રાંતિગાથા યાત્રા સરદાર પટેલની જન્મભૂમિ કરમસદથી શરૂ કરીને ખેડા ,પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુરથી વડોદરાનાં ક્રાંતિ સ્થાનોના ગામડાઓમાં ફરીને વડોદરામાં સમાપન થયું હતું.
* ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માની જન્મભૂમિ માંડવીથી શરૂ કરીને પાટણ,બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા જીલ્લાનાં ઐતિહાસિક ગામોની ધરતીની માટીનેમાથે ચડાવીને ભાવવંદના સાથે ગુજરાતનાં યુવાનોને દેશભક્તિની પ્રેરણા- જનજાગૃતિના કાર્યક્રમો શ્રી જીતુભાઈ વાઘાણીએ કર્યાં હતાં.
* તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રામાં પણ સૌરાષ્ટ્રના સહ ઈન્ચાર્જ તરીકે યશસ્વી કામગીરી બજાવી.
* આ ઉપરાંત તત્કાલીન પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી.ફળદુની આગેવાનીમાં 'કિસાન હિત યાત્રા'માં સૌરાષ્ટ્રમાં સહ ઈન્ચાર્જ તરીકે રહીને ખેડૂતોની પડખે ઊભા રહેવાની મળેલી તકને સફળતાથી જવાબદારી પૂર્વક નિભાવી.
* તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતનાં દરેક જીલ્લામાં યોજાયેલ "સદભાવના" સંમેલનોમાં કો.ઓડિનેટર શ્રીભરતભાઈ પંડ્યા સાથે સૌરાષ્ટ્રનાં સહઈન્ચાર્જ રહીને શ્રી જીતુભાઈ વાઘાણીએ તેમાં સફળ સુંદર કામગીરી કરી હતી.
* ભાજપ ગુજરાત પ્રદેશ મંત્રી તરીકે જામનગર મહાનગર અને જીલ્લાનાં પ્રભારીશ્રી સક્રિયતા સફળતા સાથે જવાબદારી નિભાવી હતી.

## <u>પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીની રાજકીય સફર</u>

* અત્યારે તેઓ રાજકોટ મહાનગર અને રાજકોટ જીલ્લાનાં પ્રભારી તરીકે કામગીરી કરી રહ્યાં છે.
* હાલ ભાવનગરનાં લોકપ્રિય ધારાસભ્ય તરીકે તેઓ કામ કરી રહ્યાં છે. કાર્યકર્તા સાથેની ટીફિન બેઠક, ભાવનગર મહાનગના જન્મદિવસનથી ઉજવણી રાવણદહન, સતત પ્રવાસ અને નવીન કાર્યક્રમો દ્વારા ભાવનગરના વિકાસની સાથે લોકસેવા દ્વારા રાજકીય જીવનમાં **"સફળ નેતાગીરી"** તરીકે **શ્રીજીતુભાઈ વાઘાણી** ઊભરી આવ્યાંછે.
* છેલ્લે તો વિધાનસભા સત્રમાં ધારાસભ્યોમાં વિધાનસભાની કાર્યવાહીની જાણકારી આપવા માટે **"વિધાનસભાનાં પ્રવકતા"** બનાવવામાં આવ્યાં હતાં.

******